# પરમ યોગી શ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરિજી મ.

□ પૂ. મુનિશ્રી જયન્તવિજય 'મધુકર' મ.

**આ**વો! આજ દેખીએ જીવની પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવશ્રીની.

એમનું નામ પ્રસિદ્ધ છે વિશ્વ આખાયમાં.
એમણે કર્યાં છે ભગીરથ કામો પૃથ્વીના પાટલે.
જેવું નામ તેવાં કામ.
પાછળથી નહિ પરંતુ પ્રારંભથી જ.
જન્મના સાથે જ મળ્યા આદર્શ સંસ્કાર.
અને મળ્યાં સંસ્કાર સિંચન કરનાર માતાપિતા.
ભરતપુર શહેર આજ પણ પ્રસિદ્ધ છે.
રાજસ્થાનનું ગૌરવવંતુ એ ધામ.
ત્યાં રહે શેઠ "ઋષભદાસ."
દેવગુરુ ભક્તિકારક અને ધર્મધ્યાની.
ભાર્યા હતી તેમની સુગુણવતી 'કેશરદેવી.'
શીલાદિ ગુણો વડે પરિમલ પ્રસારનારી.
શ્રેષ્ઠિ દંપતીનો જીવન સંસાર હતો સહુ કોઈને અનુકરણીય.
બધુંય હોવા છતાં વિરક્ત ભાવના.

હામ, ઠામ અને દામ હતાં તો પણ જીવનની સાચી સફળતા કરવાની ઝંખનાવાળા હતાં.

અઢારસો ત્યાસીની સાલ.
પોષ સુદિ ૬ની રાત્રિ અને સાતમનું પરોઢિયું.
ભાગ્યશાળીના ઘરે જ રત્નનો આવિર્ભાવ થાય.
બધા ય પહાડોમાં કંઈ માણિક્ય રત્ન હોતાં નથી.
બધા ય હાથીઓના ગંડસ્થળમાં કંઈ મૌક્તિકો હોતા નથી?
કમળ કંઈ બધા ય સરોવરમાં ઊગતાં નથી.
એવી જ રીતે,
શ્રેષ્ઠિ ઋષભદાસના ગૃહાંગણે, શુભ દિવસે
અર્ધાંગના કેશરદેવીએ રત્નપુંજ સમા પુત્રરત્નને જન્મ આપ્યો.

જાણે રત્ન જ ન મળ્યું હોય પોતાને, પરિવારના લોકોએ નામ પણ એ જ આપ્યું રત્નરાજ.

રત્નરાજ યોગ્ય લાલન પાલનમાં વૃદ્ધિ પામતા ગયા, પાઠશાળામાં પ્રવેશ કરાવ્યો.

વ્યવહારિકના સાથે ધાર્મિક અધ્યયન તરફની રુચિ વિશેષ. એટલે ધાર્મિક અધ્યયનમાં પ્રગતિ કરી અને ટૂંક સમયમાં જ પ્રકરણ અને તાત્ત્વિક ગ્રન્થોનું અધ્યયન કરી લીધું.

વડીલ ભાઈ માણેકચંદ હતા.
માતા પિતાની આજ્ઞા લઈ બન્ને ભાઈ ગયા ધુલેવાની યાત્રા કરવા માટે.

ઉંમર અલ્પ છતાં શક્તિ ઘણી.
પુદ્‌ગલ નાનું હતું છતાં માનસ વિકસ્વર થયેલ હતું.
પગપાળા જવાનું છતાં રત્નરાજ હિંમત ન હાર્યા.
શાના હારે? હજુ તો ઘણું કરવાનું હતું.
ગયા સકુશળ કેશરિયાજી, કરી યાત્રા અને થયા ધન્ય!
પાછા ફરતાં રસ્તામાં રોમાંચક અને ભયજનક પ્રસંગ દેખાયો.
જયપુર પાસે 'અંબર' એવું ગામ.
ત્યાં વસતા શેઠ કન્હૈયાલાલજી એમનું નામ.

પોતાની એકની એક પુત્રી. સહકુટુંબ આવેલા યાત્રા કરવા, પાછા વળતાં ઘેરી લીધા એમને ભીલ લોકોએ.

આશાભરી યુવતીને ભીલો પજવવા માંડ્યા.

ઘણી દયનીય સ્થિતિ, છતાં આવા ભયંકર વનપ્રદેશમાં સહાયક કોણ?

રત્નરાજ આવી રહ્યા હતા, એમનાથી આ ન દેખી શકાયું.

કર્મોને હરાવવા વીરના પંથે વિચરવાની કામનાવાળા બાલવીરથી આ સહન ન થયું! મોટાભાઈની આજ્ઞા લીધી અને નિર્દયી, પજવનારા ભીલો સામે મેદાને પડ્યા. બાલ્યવય છતાં પોતાના પરાક્રમે ભીલોને ભગાડ્યા અને શેઠને શાંત્વના આપી.

શેઠ પણ હવે એક વાત ઉપર આવ્યા. જે પુત્રીને તમે બચાવી એનું વેવિશાળ પણ હવે તમારા સાથે જ કરવું છે. તેનો સ્વીકાર કરો!

ત્યાગના પંથે વિચરનારને ક્યાં આવી ખપ હતી.
સમજાવીને આગળ વધ્યા,

હેમખેમ ઘેર પહોંચ્યા, પોતાના પુત્રના સાહસની વાતથી માતાપિતા પ્રસન્ન થયાં.

હજુ બાકી હતું ઘણું.

વડીલભાઈના સાથે ધંધાર્થે સિંહલદ્વીપ (સિલોન) ગયા. તેમનું મન આ માર્ગે હતું જ નહિ અને એટલે જ ત્યાંથી કલકત્તા આવ્યા. થોડો સમય વ્યતીત કરી ત્યાંથી સીધા ઘેર પહોંચ્યા.

અને માતાપિતાએ ક્રમશઃ મહાપ્રયાણ કરી દીધું.

ભારેલ અગ્નિ પ્રગટ થઈ જાય હવાના ઝપાટામાં જેમ તેમ રત્નરાજનો વૈરાગ્ય-ભાવ જાગૃત થઈ ગયો.

વૈરાગ્યના બીજને વિકસાવનારા અને સિંચન કરનારા શ્રીપૂજ્ય શ્રીપ્રમોદસૂરિજી પધાર્યા ભરતપુરમાં.

ઉપદેશામૃતનું પાન કરી તૃપ્ત થયા. મેઘગર્જનાથી મયૂર નાચવા માંડે તેમ વીતરાગવાણી સાંભળીને રતનરાજનો મન-મયૂર પ્રફૂલ્લ થઈ ગયો.

માતાપિતાના દેહોત્સર્ગ પછી ભગવાન મહાવીર સ્વામીએ જેમ નંદીવર્દ્ધન ભાઈની આજ્ઞા લઈને સંયમ સ્વીકાર્યું તેમ વડીલભાઈ શ્રી માણેકચંદની આજ્ઞા લીધી અને સં. ૧૯૦૩ માં ઉદયપુરના આંગણે ચારિત્રરત્નને સ્વીકાર્યું. પ્રારંભમાં સાનિધ્ય મળ્યું યતિશ્રી હેમવિજયજી મહારાજનું.

જયજયકાર કરી દીધો જનસમુદાયે.
જયજયકારથી ભરી દીધું નભોમંડળ.
નવદીક્ષિત રત્નરાજ હવે થઈ ગયા,
'મુનિ રત્નવિજય.'

કાળનું કામ કાળ કર્યે જતો હતો. અને વહ્યો જતો હતો પૂરવેગમાં વહેતી વર્ષાકાળની સરિતાના જેમ.

મુનિશ્રી પોતાનું જ્ઞાન સંપાદન કરવા પાછળ દત્તચિત્ત થઈ ગયા હતા.

વ્યાકરણ, કાવ્ય, અલંકાર!
ન્યાય, દર્શન, જ્યોતિષ!
વૈદક, કોષ અને આગમ!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ વિષય અણઆવડયો ન રહેવો જોઈએ.

સં. ૧૯૦૯માં વડીદીક્ષા, અને પંન્યાસ પદવી આપવામાં આવ્યા ઉદયપુરના આંગણે.

આગમશાસ્ત્રનું ગહન અધ્યયન કરવા માટે ગયા ખરતર ગચ્છીય શ્રી સાગરચંદ્રજી મ. પાસે.

દાક્ષિણ્ય અને વિનયાદિ ગુણોથી યુક્ત યોગ્ય પાત્ર દેખીને સાગરચંદ્રજીએ પ્રસન્નતાપૂર્વક ખૂબ ખૂબ આપ્યું.

વિશેષ મનન - પરિશીલન કરવા માટે આવ્યા તાત્કાલીન તપોગચ્છીય શ્રીપૂજ્ય દેવેન્દ્રસૂરિજી પાસે.

મુનિ રત્નવિજયજી ટૂંક સમયમાં જ શ્રીપૂજ્યજીના પ્રીતિપાત્ર થઈ ગયા.

વિદ્યા, વિનય, વિવેકાદિ ગુણો કોને નથી આકર્ષિત કરતા?

શ્રી પૂજ્યજીનો જ્યારે જીવન દીપક ટમટમી રહ્યો હતો ત્યારે રત્નવિજયજી અને પોતાના શિષ્ય ધીરવિજયજીને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું:

રત્ન? આ ગચ્છનો ભાર હમણાં તમારા ઉપર છે. 'ધીર'ને ભણાવી, યોગ્ય કરીને ગાદીનશીન કરવાનું અને ગચ્છીય વ્યવસ્થા સંભાળવાનું તમને સોંપું છું.

અને શ્રી પૂજ્યજીનો જીવનદીપ સદાના માટે બુઝાઈ ગયો.

શ્રી રત્નવિજયજીએ શ્રી પૂજ્યજીની આજ્ઞાનુસાર ભણાવ્યા ધીરવિજયજીને, કર્યા પ્રવીણ અને બનાવ્યા શ્રી પૂજ્ય! નામકરણ કર્યું શ્રી પૂજ્ય શ્રી ધરણેન્દ્રસૂરિ.

પોતાનું ઘડતર કરનાર એવા રત્નવિજયને એમણે આપ્યું 'દફ્તરી પદ.'

આ પદ તે કાળ અને તે સમયમાં ઘણું ઊંચું અને મહત્ત્વપૂર્ણ ગણાતું.

ગચ્છીય સર્વસત્તા દફ્તરીની રહેતી.

દફ્તરીજીએ પોતાની પ્રતિભા અને કૌશલ્યથી બંધ થયેલ છડી, ચામર, પાલખી આદિ રાજાઓ પાસેથી પાછા અપાવ્યાં.

આમ દિવસો જઈ રહ્યા હતા, ગાડી ચાલતી હતી.

ઘણા યતિઓને પં. શ્રી રત્નવિજયજી ભણાવતા હતા. જેવું જ્ઞાનિઓએ કહ્યું તેવું.

અભ્યાસી અને મુમુક્ષુ યતિઓ અવાર નવાર પૂછતા.

મહારાજશ્રી! ત્યાગીને રાગીના જેવા રાગ અને રાગના સાધનો ભગવાને વર્જિત કર્યા છે ત્યારે, આપણે ત્યાં તો બધું ય ચાલે છે.

એ કહેતા. ભાઈ! વાત તદન સાચી છે પણ સાચાને આચરવા માટે કોઈ તૈયાર નથી.

કેમ નહિ? મહારાજશ્રી! જો કોઈ તૈયાર થાય સાચા માર્ગને સ્વીકારવા તો અમે પણ તૈયાર છીએ.

આત્માર્થીઓની આવી ઈચ્છા દેખીને એ કહેતા, હું ઈચ્છું છું આવી શિથિલતાને દૂર કરવા પરંતુ અવસરે દેખાશે.

જો આપ કંઈ પણ કરો તો એની અમને પણ અવશ્ય સૂચના કરશો, આવી વાતો અભ્યાસી યતિવરો યદા કદા કહેતા.

પં. શ્રી રત્નવિજયજી પણ એમને જવાબ આપીને સંતોષતા. છતાંય ઊંડે ઊંડે આટલી શિથિલતા એમને ડંખતી રહેતી.

ત્યાગ, વૈરાગ્યની ફોરમ પ્રસરાવનાર ઉપાશ્રયો સુગંધી અત્તર અને તેલથી મહેકી રહેતા.

સુંદર રંગબેરંગી ગાલીચાઓનો છુટથી ઉપયોગ થતો.

ભાર જેવું જીવન એમને કલ્યાણના બદલે અકલ્યાણ કરનારૂ દેખાવા માંડયું.

પણ અવધિનોય આંકો આવે છે.

સં. ૧૯૨૩નું ચોમાસું.

મરૂભૂમિમાં ઘાણેરાવ નગર.

મૂછાળા મહાવીર ભગવાનનું ધામ.

શ્રી પૂજ્ય ધરણેન્દ્રસૂરિજી, દફ્તરી પં. શ્રી રત્નવિજયજી યતિમંડળ સહ ચાતુર્માસ રહેલા.

પર્વોના રાજા જેવાં આવ્યાં પર્વાધિરાજ પર્યુષણ.

ધર્મારાધનાની છોળો ઊછળી રહી હતી.

દફ્તરીજી મહારાજની વ્યાખ્યાન શૈલી અનુપમ હતી.

જનમાનસને આરાધનામાં આગળ વધવા અને કંઈક કરી લેવા માટે દિવ્ય પ્રેરણા આપનારી હતી.

અષ્ટાન્હિકા વ્યાખ્યાન પૂરૂં થયું.

કલ્પસૂત્ર વાંચન આરંભ કર્યું.

શ્રોતાઓની ભીડ હેકડે ઠઠ જામતી હતી.

આજ ભાદરવા સુદિ ૨ (તેલાધર) નો પવિત્ર દિવસ. ભગવાન મહાવીરદેવનું જીવન ચરિત્ર વાંચન ચાલુ હતું.

ભગવાન દરેક જાતના રાજવૈભવોને સર્પકંચુકીવત્ ત્યાગ કરીને ત્યાગ માર્ગે પ્રવૃત્ત થયા, જન સમુદાય દેખતો જ રહ્યો અને ભગવાન યોગીરાજના જેમ ચાલી નીકળ્યા.

વ્યાખ્યાનમાં અજબ રંગ આવ્યો હતો, ભગવાનના ત્યાગનું વર્ણન કરનાર દફ્તરીજી મહારાજના શબ્દોને સાંભળીને સભાજનો ભાવવિભોર બની ગયા હતા.

વ્યાખ્યાન પૂરૂં થયું, ભગવાન મહાવીરની જયજયકાર સાથે લોકો વિખેરાયા.

પ્રવચનકાર પહોંચ્યા સીધા શ્રી પૂજ્યજી પાસે.

ચિત્ત ચોંટી ગયું હતું વીરના ત્યાગ માર્ગના વિચારોમાં. પરંતુ શ્રી પૂજ્યજી પાસે જુદો જ અનુભવ થયો.

લો! રત્નવિજયજી!

દેખો તો, અત્તર કયુ સારૂં છે? આપણે કઈ જાત ખરીદવી?

શબ્દો સાંભળતાં જ એમનાથી ન રહેવાયું.

મહારાજ! આપના મોઢે આ શબ્દો ન શોભે!

શ્રી પૂજ્યજીએ પુનઃ પ્રશ્ન કર્યો, એટલે શું?

મહારાજ! ત્યાગીને વળી અત્તર કેવાં અને અત્તરની ગંધ કેવી?

રત્નવિજયજી! એ તો ઠીક છે. હવે લાંબુ વેતર્યા વિના પૂછેલ વાતનો જવાબ આપોને?

મહારાજ! હું તો કંઈ કહી શકું તેમ નથી. હાં, એટલું જાણું છું કે ત્યાગીને મન અત્તર અને ગધેડાનું મૂત્ર (મૂતર) બન્ને સરખાં છે. ગૃહસ્થનું ભૂષણ ત્યાગીના માટે દૂષણ છે.

રત્નવિજયજી! બસ કરો. આશા નહોતી કે તમે આમ જવાબ આપશો, પણ અમારા આશ્રયે રહીને અમારા સામે આવા શબ્દો બોલો છો એ ખરેખર દુઃખદ છે.

શ્રી પૂજ્યજી! સાચું કડવું હોય છે અને સાચાનો કહેનાર કડવો ઝેર જેવો લાગે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રત્નવિજયજી! હવે વધુ બોલવું બંધ કરો અને કરી બતાવો ઉત્કૃષ્ટ ત્યાગ પછી ત્યાગભર્યા શબ્દો સંભળાવજો!

ભાવતું હતું અને વૈદ્યે કહ્યું!
અત્તરની એક શીશીએ પરિવર્તન કર્યું ધરમૂળથી,
વિચાર, વાણી અને વ્યવહાર બદલાયા.
રજનો ગજ અને પાંખના પારેવા જેવો ઘાટ થઈ ગયો.

પં. શ્રી રત્નવિજયજીએ તો ત્યાં જ શ્રી પૂજ્યજીથી વિદાય લીધી અને આવ્યા આહોર, પોતાના ગુરુવર શ્રી પ્રમોદસૂરિજી પાસે.

હકીકતથી વાકેફ કર્યા.
ગુરુએ શિષ્યની પ્રતિભા દેખી.
વિચારોમાં દૃઢતા દેખી.
ત્યાગ માર્ગ રક્ષવાની તમન્ના દેખી!
ભાવિના ગર્ભની ભવ્યતા પારખી.

શ્રી પૂજ્ય શ્રી પ્રમોદસૂરિજીની વૃદ્ધાવસ્થા હતી. ગચ્છનો ભાર સંભાળવાની શકિત શિષ્યમાં નિહાળીને શ્રી સંઘની સાક્ષીએ ઉત્સવ પૂર્વક શ્રી પૂજ્ય પદવી આપી અને પોતાના પટ્ટધર તરીકે ઘોષિત કર્યા.

આહોર ઠાકોરે છડી, ચામર, પાલખી, દુસાલા, સૂરજમુખી આદિની ભેટ આપી.

પં. રત્નવિજયજી હવે થયા શ્રી પૂજ્ય શ્રીમદ્ રાજેન્દ્રસૂરિજી મહારાજ.

પ્રસિદ્ધિ વધવા માંડી.

યશ ચોમેર ફેલાવા માંડયો.

કીર્તિકથા શ્રી પૂજ્ય ધરણેન્દ્રસૂરિજી સુધી પહોંચી. શ્રી પૂજ્ય શ્રી પ્રમોદસૂરિજી પોતાના છેલ્લા વર્ષોમાં આયંબિલની તપશ્ચર્યામાં રહેતા હતા.

સુશિષ્ય ગુર આજ્ઞા લઈ નીકળ્યા.

રાજસ્થાનમાં ફર્યા. લોકોના હૃદયને જીતનારા શ્રી પૂજ્યજી મેવાડ અને માળવામાં પહોંચી ગયા.

ત્યાગવૃત્તિ અને દૃઢપણે આચરણા, જનમાનસને પારખવાની શકિત અને ઉગ્ર વિહાર!

માનવ મહેરામણ શ્રી પૂજ્ય શ્રી રાજેન્દ્રસૂરિશ્વરજી મહારાજના તરફ ઊમટી પડયો.

ટોળે ટોળાં દર્શનાર્થે આવી રહ્યાં હતાં.

વાત વધી રહી છે અને બાજી બગડી રહી છે આવું જાણીને શ્રી પૂજ્ય ધરણેન્દ્રસૂરિજીને ચિંતા થવા માંડી.

સમાધાન કરી લેવા તૈયાર થઈ બે યતિઓને પત્ર આપી મોકલ્યા જાવરામાં.

શ્રી પૂજ્યજીએ વળતા ઉત્તરમાં જણાવ્યું કે મને આવું કંઈ પણ ગમતું નથી. મારે તો કરવો છે ક્રિયોદ્ધાર, ઘણા સમયથી ત્યાગ માર્ગ પર છવાયેલ પડલને દૂર કરવાં છે, સુષુપ્ત જનમાનસને જાગૃત કરવું છે.

જો હું કહું તે શરતો કબુલવા તમે તૈયાર હો તો હું આ બધુંય છોડી દેવા તૈયાર છું.

શ્રી પૂજ્ય ધરણેન્દ્રસૂરિજીએ નવ કલમો મંજૂર કરી અને વિક્રમ સં. ૧૯૨૪માં અષાડ સુદી ૨ના રોજ જાવરા (મ. પ્ર.)માં પોતે ક્રિયોદ્ધાર કર્યો અને શ્રી પૂજ્ય સંબંધી ઉપકરણો બધાંય ત્યાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના દહેરાસરમાં સમર્પિત કર્યા.

એક વખતના રત્નરાજ, રત્નવિજયજી, પંન્યાસ શ્રી રત્નવિજયજી, દફતરી શ્રી રત્નવિજયજી, શ્રીપૂજ્ય શ્રીમદ્ રાજેન્દ્રસૂરિજી અને આજ બન્યા શુદ્ધ ક્રિયાના પાલક, સુવિહિત માર્ગ સંરક્ષક જૈનાચાર્ય પ્રવર શ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ!

ગામ નગરને પાવન કરતા આચાર્યશ્રી વિચરવા લાગ્યા અને

પરાવલંબી થઈ ગયેલા જૈનોને સ્વાવલંબી થવા માટે જિનેન્દ્ર ભગવંતનો ઉપદેશ આપવા માંડયા.

જિર્ણ મંદિરોનો જિર્ણોદ્ધાર, આવશ્યકતાનુસાર નૂતન મંદિરોનું નિર્માણ આપના ઉપદેશથી થવા માંડયું.

જેવું જ્ઞાન તેવી ક્રિયા.

જેમ બને તેમ યોગનો નિરોધ કરતા, આશ્રવથી દૂર રહી ને સંવરવર્ધક સ્વ-સાધનામાં ઉદ્યમવંત રહેવા માંડયા. પૂજ્ય શ્રીમદ્ ગુરુદેવ શ્રી!

ઉપદેશ પ્રવાહ વહેતો થયો.

એકના કાનથી બીજાના કાને પહોંચતો થયો.

ગુરુ જ્ઞાની છે એક કહેતા.

બીજા કહેતા ભાઈ! ધ્યાની પણ છે.

ત્રીજા કહેતા અરે ભાઈ! ગુરુદેવ તો ઉત્કૃષ્ટ ચારિત્રના પાલક છે.

ફરી કોઈ કહેતું ભાઈ! 'પોથીમાંના રીંગણા' જ નહિ પરંતુ જેવું કહે છે તેવું કરીએ બતાવે છે.'

સાચી જ વાત છે. સિયાણા (મારવાડ)ના ઉપાશ્રયમાં એક શ્રાવિકાએ પ્રશ્ન પૂછયો અને તેના જવાબમાં પોતે છીંકણી સુંઘતા હતા અને જે વગર નહોતું ચાલતું તેને એક ક્ષણમાં જ સદાના માટે તિલાંજલી આપી દીધી હતી.

પણ ભાઈ! ધ્યાન કેવું? ગજબ છે ને?

મોદરા (મારવાડ)ના બહાર ભયંકર ચામુંડ વન, જ્યાં જંગલી જાનવરો અને શિકારીઓ જ ફરતા રહે નિરંતર! તેવામાં જઈ કલાકો સુધી અડગપણે ઊભા રહી આત્મચિંતન કરતા!

વળી કોઈ કહેતું ત્યાં તો અજબ બિના બની હતી!

એક ભીલ આવ્યો હતો અને એણે તો સફેદ સફેદ દેખી ને દૂરથી જ તીરોનો વરસાદ કરવા માંડયો. પણ એકેય તીર એ ધ્યાનસ્થ ગુરુદેવના દેહને સ્પર્શ્યું જ ન હતું! એ આવ્યો દોડતો અને ઢળી પડયો ગુરુદેવના ચરણોમાં, અને અપરાધની ક્ષમા માંગી.

ગુરુ તો ક્ષમાના સાગર અને દયાના દરિયા એમને શું?

પણ ભલા ઉપદેશ પણ અંતરને ભિંજવી દે એવો છે, આત્મવિભોર કરી દે એવો છે.

હોય જ ને, ફરી કોઈ ટાપસી પૂરતું. જો ન હોય એમના ઉપદેશમાં એટલું બળ તો જાલોર (મારવાડ)માં એક સાથે ૭૦૦ ભાગ્યશાળીઓને મૂર્તિપૂજાના માર્ગે વાળવા અને એમાં સ્થિર કરવા એ કંઈ નાની સૂની વાત છે?

વળી સંભળાતું ગુરુ જ્ઞાની તો છે જ પરંતુ સંસ્કૃતિને ટકાવી રાખવા ઘણી જહેમત ઉઠાવે છે.

એની કોણ ના પાડે છે ભાઈ! કોઈક જવાબ આપતા કે જો એટલી ધગશ સંસ્કૃતિના સ્તંભો પ્રત્યે ન હોત કે આરાધના કેન્દ્રો પરત્વે ન દાખવી હોત તો રાજ્ય કબજા હેઠળના અને શસ્ત્ર તથા દારૂગોળાથી ભરેલા જાલોરના કિલ્લાના ભવ્ય મન્દિરોની રક્ષા કાજે સર્વ રીતે રાજ્ય સરકારથી બાથ ભીડવી, એ મંદિરો ખાલી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવી જૈન સંઘને સોંપાવવા એ કાંઈ સાધારણ બિના કહેવાય ? આવી તો કેટલીએ વાતો એ ગુરુદેવના જીવનમાંથી મળી શકે છે.

ક્યાંકથી એવો સૂર આવતો અલ્યા એ ! નથી સાંભળ્યું કે ધ્યાન યોગના બળે ભવિષ્યના ગર્ભમાં રહેલું પણ કહે છે એ ગુરુદેવ !

ઉત્તર વાળનાર કહેતા હા, ભાઈ હા ! એ કેમ ભૂલી શકાય ? ૧૯ દિવસ અગાઉ કુક્ષીમાં અગ્નિ પ્રકોપ થશે અને એનો પ્રારંભ ગંગારામ બ્રાહ્મણના ઘરથી થશે. ગુરુદેવની આ વાત સાચી પડી. આવી વાત કહેવી એ કંઈ મામુલી વાત કહેવાય ?

આમ તો ઘણી વાતો જાણવા મળે છે. એમના જીવનની.

કેમ ભલા! અમદાવાદમાં વાઘણ પોળના શ્રી મહાવીર સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા વખતે પણ એ પૂજ્યશ્રીએ જ સૂચન કરેલને કે જે પાછળથી સત્ય થયું.

આમ દિવસે દિવસે એ શુદ્ધ ક્રિયાપાલક, સન્માર્ગના ઉપદેશક, સદ્ગુરુદેવની ગુણ ગિરિમા સર્વત્ર મહેકી ઊઠી.

ચંદ્રકળાની જેમ કીર્તિ પ્રસરવા માંડી.

સમુદ્રની ગંભીરતાનાં એમનામાં દર્શન થવા માંડયા.

એક તરફ સુપ્ત સમાજમાં ક્રાન્તિ અને બીજી તરફ શિથિલાચારનું ઉન્મૂલન !

હચમચાવી મૂકે એવી પરીક્ષાની પળે પણ એ અડગ રહ્યા સૂરિદેવ !

શું ઝંઝાવાત મેરૂ પર્વતને ક્યારે ડોલાવી શક્યો છે ?

શું પોતાના દંતશૂળથી હાથી પહાડને હલાવી શક્યો છે ?

શું વાદળો આડા આવીને પણ સૂર્યની તેજસ્વીતાને ઢાંકી શક્યાં છે ?

"કર્તવ્યનો આનંદ જેને હૃદય ઓસરતો નથી.<br>
કર્તવ્ય પંથે ચાલતાં જે ઠોકરો ગણતો નથી.<br>
કલ્યાણ જગનું એ જ જેના સૌખ્યની પારાશિશિ<br>
એ વિભુતિ વંદનીય દર્શનીય દિનનિશિ."

પરિષહો અને ઉપસર્ગો આવતા રહ્યા પરંતુ અંતે યોગીરાજના સામે પરાસ્ત થવું પડયું એમને !

જેઓ નિરત રહ્યા પોતાની સાધનામાં,

જે સાધનામાં રત રહે એને સિદ્ધિ મળે જ છે.

પરંતુ સાધકે સિદ્ધિની ઉત્સુકતા છોડીને સાધનામાં રત રહેવું જોઈએ.

પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્‌વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ અપૂર્વ સાધક હતા.

જે કલાકો સુધી ધ્યાનમાં મગ્ન રહી આત્મચિંતનમાં ગરકાવ થઈ જતા હતા.

સખત ઠંડી અને પ્રચંડ ગરમીમાં દેહાધ્યાસથી મુકત થઈ આત્માભિમુખ થવાનું એમનું ધ્યેય હતું !

એ અજોડ સાહિત્યકાર હતા !

એમના વિશાળકાય ગ્રન્થોને ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનો ઘણા જ આદરથી સ્વીકારે છે અને આવા સાહિત્યકારની મુકત કંઠે પ્રશંસા કરે છે. એટલું જ નહિ એમને નમી પડે છે.

એમની કૃતિઓમાં પ્રમુખ રૂપે પ્રસિદ્ધ છે,

જેને બૃહદ્ વિશ્વકોશના નામથી જાણે છે સહુ.

એનું નામ છે "અભિધાન રાજેન્દ્ર" કોષ

એક નહિ, સાત ભાગમાં વહેંચાયેલ છે.

વિશાળકાય આ ગ્રન્થરાજને દેખતાં જ એમની શકિતની અભિવ્યકિત અને જ્ઞાનનાં દર્શન થાય છે.

ન્યાય, દર્શન, જ્યોતિષ, તર્ક, ધર્મ, સાહિત્ય, અલંકાર, વૈદક ઈત્યાદિ વિષયક પ્રમાણો આ ગ્રન્થસાગરમાંથી ઉપલબ્ધ થાય છે.

શબ્દ, વ્યુત્પત્તિ અને લિંગભેદના સાથે તે કયા ઠેકાણે ક્યારે શું અર્થમાં વપરાયો છે તેનું સ્પષ્ટ વર્ણન આ ગ્રન્થરાજમાં દેખી શકાય છે.

એ સાહિત્ય સાધકે 'પ્રાકૃત વ્યાકૃતિ' શ્લોકબદ્ધ તૈયાર કરીને ઘણી જ સુલભ રીતે પ્રાકૃતનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં મહત્ત્વપૂર્ણ સહાય કરી છે.

'કલ્પસૂત્રાર્થ પ્રબોધિની' સંસ્કૃત ટીકા અને કલ્પસૂત્ર બાલાવબોધની સરસ પ્રાસાદી આપીને મહાનતમ કાર્ય કર્યું છે એ ક્ષેત્રમાં.

એમના ઉપદેશમાં સ્વાવલંબી રહેવાનો અને આત્માભિમુખ થવાનો હંમેશા ઝંકાર રહેતો.

એ અપૂર્વ ત્યાગી હતા.

શ્રમણ જીવનના નિયમોને અટલપણે સાચવવા અને એના માટે કંઈ પણ ત્યાગ કરવો પડે તો તે માટે તત્પર રહેવું એમનો મુદ્રાલેખ હતો.

પોતાની વાત જ સાચી છે એવો દુરાગ્રહ એમના જીવનને સ્પર્શ્યો નહોતો ! વીતરાગના વચનોમાં સંગત થાય એવો જ એમનો ઉપદેશ હતો.

એમની વ્યાખ્યાન પદ્ધતિ ખરેખર અદ્વિતીય જ હતી. કુક્ષીના ચાતુર્માસ દરમ્યાન ૪૫ જૈનાગમો વ્યાખ્યાનમાં સંભળાવેલ, જે એમની પ્રખરતાનો પરિચય આપે છે.

વિવિધ પ્રકારી આરાધનાઓ દ્વારા પોતાના જીવનને સમુજ્જવલ કરતા એ પૂજ્ય ગુરુદેવશ્રીનો સં. ૧૯૬૩ના પોષ સુદિ ૭ના દિવસે રાજગઢ (મધ્યપ્રદેશ)માં સ્વર્ગવાસ થયો.

પુણ્યભૂમિ શ્રી મોહન ખેડા તીર્થભૂમિ બની ગઈ જ્યાં ગુરુદેવશ્રીનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

અંધકારને દૂર કરનાર દિવાકર અસ્ત થઈ ગયો<br>
એ ગયા પણ તત્ત્વનું પાન કરાવી ગયા<br>
અજ્ઞાનનું ભાન કરાવી ગયા.<br>
ભૂલેલાની શાન ઠેકાણે લાવી ગયા.<br>
વીતરાગના માર્ગને સમજાવી ગયા.<br>
એ ગયા છતાં એમની જ્યોતિ કાયમ રહી.<br>
એમના કરેલા પુનીત કાર્યો અમર રહ્યાં.<br>
છે, અને રહેશે.

એ વિશ્વવંદ્ય, વિરલ વિભુતિ, પરમ યોગી પરમ જ્ઞાની પ્રતિક્ષણાનુંસ્મરણીય પૂજ્ય ગુરુદેવ પ્રભુ શ્રીમદ્‌વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજને ભાવ ભકિતભર્યા હૈયે આ પુષ્પાંજલી સાદર સમર્પિત કરી શત શત વંદન કરીએ

☆ ☆ ☆



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org